

**શહેરના ગગનમાં પૂર્ણ કળાએ ખીલ્યુ મેઘધનુષ**

અત્ર-તત્ર-સર્વત્ર ચારે કોર મેઘરાજાની મહેર વરસી રહી છે અને પાટનગરમાં જ્યાં મેઘરાજાએ થોડો પોરો ખાઈને વિરામ લીધો ત્યાં તો તેમનું 'મેઘધનુષ' સોળે કળાએ ખિલીને શહેરના આકાશને સુશોભિત કરવા લાગ્યું હતું. સાંજના સરકારી ઓફિસો છુટવાના સમયે પૂર્વ દિશામાં સર્જાયેલા સંપૂર્ણ મેઘધનુષને નિહાળી નગરજનો રોમાંચિત થઈ ઉઠયા હતા અને સચિવાલયથી માંડીને સેકટરોમાં અનેક નાગરિકોએ ધાબે ચઢીને મેઘધનુષના ફોટા પાડી, સેલ્ફીઓ લઈને સોશિયલ મિડિયા પર અપલોડ કરી હતી.

# મુખ્યમંત્રીના કાર્યાલયના સંયુક્ત સચિવ, ચિલ્ડ્રન યુનિ.ના ઉપકુલપતિ સહિત ૧૬નો કોરોના રિપોર્ટ પોઝીટીવ

**શહેરમાં ૬૨ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ : સારવાર દરમ્યાન શહેરના બે દર્દીઓના મોત : સે. ૫ માંથી ૩, સે. ૧૨ માંથી ૩ ઉપરાંત સે. ૨૧, ૨૭, ૨૪, ૨૬, ૭, ૩, ૨, બાસણ અને જી.ઈ.બી.માંથી કેસો મળ્યા**

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૧૬ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૮૩૨ પર પહોંચી છે.

ગાંધીનગર શહેરના બે દર્દીઓના આજે કોરોનાની સારવાર દરમ્યાન મોત થયા છે. સે. ૪ ના એક ૪૧ વર્ષીય દર્દીનું આજે સારવાર દરમ્યાન મોત થયુ છે. આ ઉપરાંત સે. ૨૬ ના ૭૫ વર્ષીય વૃદ્ધનું સારવાર દરમ્યાન મોત થયુ છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૨૬ ના વૃદ્ધને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ૨૨ ઓગષ્ટથી દાખલ કરવામાં આવ્યા હતા. જે સે. ૪ ના દર્દીને ૨૯મી ઓગષ્ટે દાખલ કરવામાં આવ્યા હતા. શહેરમાં કોરોનાથી આજે એક જ દિવસમાં એક સાથે બે દર્દીના મોત થતાં તંત્ર અને શહેરમાં શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.

ગાંધીનગર શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં મુખ્યમંત્રીના કાર્યાલયમાં સંયુક્ત સચિવ પદે ફરજો બજાવતા અધિકારી, ચિલ્ડ્રન યુનિ.ના ઉપકુલપતિ, પાર્લરના વેપારી, લેબ ટેકનીશ્યન, એકાઉન્ટન્ટ, જીઈબીનો કર્મયોગી તેમજ ડ્રાયવરનો સમાવેશ થાય છે.

ગાંધીનગર શહેરમાં આજે સે. ૫ માંથી ૩ અને સે. ૧૨ માંથી પણ ૩ કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત સે. ૨૧, ૨૭, ૨૪, ૨૬, ૭, ૩, ૨, બાસણ અને જી.ઈ.બી.માંથી કેસો મળ્યા છે.

રાજયના આરોગ્ય કમિશનરની કચેરીમાં એકાઉન્ટન્ટ તરીકે ફરજો બજાવતા અને સે. ૨૧ માં રહેતા ૩૧ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ કર્મયોગીને ગાંધીનગર સિવિલમાં સારવાર માટે દાખલ કરાયા છે.

સુરેન્દ્રનગર જી.ઈ.બી.માં ફરજો બજાવતા અને જી.ઈ.બી. કોલોનીમાં રહેતા એક ૨૨ વર્ષના યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાનને સારવાર માટે સિવિલમાં ખસેડી તંત્રએ તેના પરિવારના ૬ સભ્યોને ક્વોરોન્ટાઈન કર્યા છે. જી.ઈ.બી. કોલોનીમાં થોડા દિવસ બાદ કોરોનાએ તેની હાજરી નોંધાવી છે.

સે. ૨૭ માંથી એક ૮૦ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કર્યા છે.

● અનુસંધાન પાના - ૭ પર

## જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૯ કેસ નોંધાયા

**સારવાર દરમિયાન ગાંધીનગરના એક યુવાનનું મોત : ગાંધીનગરમાં ૧૪, દહેગામમાં ૩, કલોલ-માણસામાં ૧-૧ કેસ**

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે કોરોનાના ૧૯ કેસ મળી આવ્યા છે. જિલ્લાના ગાંધીનગર તાલુકામાં કોરોના બેકાબુ બની રહ્યો છે. આ ઉપરાંત દહેગામ અને માણસામાં પણ કેસોની સંખ્યા વધતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે.

જિલ્લામાં નોંધાયેલા કેસો પૈકી આજે વધુ ૧ દર્દીનું સારવાર દરમ્યાન મોત થયુ છે. ગાંધીનગર તાલુકાનો આ દર્દી હોવાનું જાણવા મળેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં દર્દીઓના સારવાર દરમ્યાન થતા મોતની સંખ્યામાં સતત થઈ રહેલા વધારાથી તંત્રની ચિંતા વધી છે.

ગાંધીનગર જિલ્લામાં આજે નોંધાયેલા ૧૯ કેસમાં ૧૪ કેસ ગાંધીનગર તાલુકાના છે તો ૩ કેસ દહેગામમાંથી મળ્યા છે જ્યારે કલોલ-માણસામાંથી ૧-૧ જ કેસ મળી આવ્યો હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

ગાંધીનગર જિલ્લામાં આજે વધુ ૧૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૩૮૭ લોકો કોરોનામુક્ત થયા છે. જિલ્લામાં આજે પણ ૧૫૫ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

મળતી વિગતો પ્રમાણે વાવોલમાંથી ૩૭ વર્ષીય યુવક, મોટા ચિલોડામાંથી ૯૦ વર્ષીય

● અનુસંધાન પાના - ૭ પર

# સરગાસણ-શાહપુર માર્ગનુ વરસાદમાં ધોવાણ, ચોમાસા બાદ પેવરકામ કરાશે

**સતત ઝરમરિયા વરસાદના લીધે માર્ગ ઉબડ ખાબડ બનતા વાહનચાલકો પરેશાન**

ગાંધીનગર તા ૧

શહેર અને જિલ્લામાં સતત વરસાદના લીધે ઠેર ઠેર વરસાદી સમસ્યાઓ જોવા મળી રહી છે. જયારે વરસાદના લીધે ડામર રસ્તાઓનુ પણ ધોવાણ થતા માર્ગો ઉબડ ખાબડ બન્યા છે. સરગાસણ ધોળાકુવા શાહપુર માર્ગની પણ દશા આવી જ છે. વરસાદના લીધે માર્ગ ઉબડ ખાબડ બન્યો છે. આગામી દિવસોમાં વરસાદના અંતે તંત્ર દ્વારા સ્થિતિનો અભ્યાસ કરીને માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરાશે.

શહેર તેમજ જિલ્લામાં વરસાદી સિઝન જામી છે. જયારે વરસાદી દિવસોમાં સેકટરામાં રોજ બરોજ નતનવી સમસ્યાઓ ઉદભવે છે. સેકટરોમાં બંધ સ્ટ્રીટ લાઈટો વચ્ચે ઠેર ઠેર ખાડાઓ ખોદાતા ડગલે ને પગલે નાગરિકો માટે જોખમી સ્થિતિ સર્જાઈ છે.જયારે સતત વરસાદના લીધે શહેર જિલ્લાના માર્ગોનુ પણ ધોવાણ થયુ છે. શહેરમાં માર્ગોની દશા ખરાબ થતા વાહનચાલકો પરેશાન છે. જયારે જિલ્લામાં પણ લાંબા સમયથી સરફેસનુ કામ થયુ ન હોય તેવા માર્ગોની દશા બેઠી છે. સતત ઝરમર વરસતા વરસાના લીધે ડામર માર્ગો પર ખાડા પડયા છે. જયારે સરગાસણ ધોળાકુવા શાહપુર તરફ જવાનો માર્ગ પર ઉબડ ખાબડ બન્યો છે. આ માર્ગ પર ચોક્કસ ભાગમાં જ માર્ગ પર

● અનુસંધાન પાના - ૭ પર



# ગાંધીનગર તાલુકા પંચાયતના પ્રમુખની ચૂંટણી કલોલ પ્રાંતના અધ્યક્ષપદે થશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર તાલુકા પંચાયતના નવા પ્રમુખની ચૂંટણી માટે અધ્યાશી અધિકારી તરીકે કલોલના પ્રાંત અધિકારીની નિયુક્તી કરતા હુકમો જારી કરવામાં આવ્યા છે.

ગાંધીનગર તાલુકા પંચાયતના પ્રમુખની અઢી વર્ષની મુદત ૧૯મી સપ્ટેમ્બરના રોજ પૂર્ણ થઈ રહી છે પરંતુ ૯મી સપ્ટેમ્બરના રોજ આ અંગે ચૂંટણી યોજવાની જાહેરાત થઈ છે.

જિલ્લાની સૌથી મોટી તાલુકા પંચાયતમાં હાલ ૩૬ સભ્યો છે પરંતુ ૧૯ ગામ અમદાવાદ અને ગાંધીનગર તાલુકામાં ભેળવાયા છે આથી ૯ સભ્યોના રાજકીય ભાવિનો ફેંસલો સરકારે હજુ સુધી કર્યો નથી. હદ વધારાના નિર્ણયના ૩ માસ પછી પણ સંવેદનશીલ સરકાર જે અનિર્ણાયક સાબિત થઈ છે તેને લઈ કોંગ્રેસ પક્ષે ઉગ્ર વિરોધ અગાઉ સામાન્ય સભાની બેઠક વખતે પણ કર્યો હતો. પરંતુ રાજકીય નિર્ણય હોઈ સરકારે મૌન સેવ્યુ હતુ. હવે નવા પ્રમુખની ચૂંટણી વખતે પણ સરકારનું મૌન જિલ્લાના રાજકારણમાં ચર્ચાનો મુદ્દો બની ઉભરી રહ્યુ છે.

દરમ્યાન આજે કોંગ્રેસ પક્ષના આગેવાનો અને મહત્વના સભ્યો વચ્ચે એક ખાનગી બેઠક પણ થઈ હતી અને તેમાં સૌએ એક સૂર થઈ પાર્ટીના આદેશ મુજબ જ આગળ વધવામાં આવશે તેવો જયઘોષ કર્યો હતો.

જો નવ સભ્યોનો નિર્ણય ના લેવાય તો ભાજપ-કોંગ્રેસને સરખા મત મળે તેમ છે. તેથી કોંગ્રેસ પણ આ વખતે તમામ તાકાત કામે લગાડવાના મૂડમાં છે. આમ તો ભાજપના સભ્યોની સંખ્યા ૧૭ જ છે. પણ કોંગ્રેસની જૂથબંધીનો ભાજપે હંમેશા ફાયદો લીધો છે. હાલ તો પ્રમુખની ચૂંટણીમાં જો અને તો નું રાજકારણ ચાલી રહ્યું છે.

# જિલ્લામાં ૧,૦૩,૮૬૫ ઘરોમાં મેલેરિયાની ટીમો દ્વારા તપાસ ધરાઈ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લાની મેલેરિયાતંત્રની ટીમો આજે ૧,૦૩,૮૬૫ ઘરોની મુલાકાત લઈ અને ૨,૧૭,૦૩૦ સંભવિત મચ્છર ઉત્પત્તિ સ્થાનોની તપાસ કરતાં ૪૬૩૮ સ્થાનો પરથી મચ્છરોના ભારે બ્રિડીંગ મળી આવ્યા હતા.



છેલ્લા એક સપ્તાહથી તંત્રની ટીમો દ્વારા આ અંગે એક સઘન અભિયાન હાથ ધરી જિલ્લામાંથી ૬ હજાર જેટલા સ્થાનો પરથી મચ્છરોના બ્રિડીંગ શોધી અને તેનો નાશ કર્યો છે.

જિલ્લામાં હાલ સારા વરસાદ પછી તંત્ર દ્વારા આ અભિયાન જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવ્યુ હતુ. જિલ્લામાં અભિયાન દરમ્યાન ૧૦૦ થી વધુ જુદા જુદા એકમોને નોટીસ પણ તંત્ર દ્વારા આપવામાં આવી છે.

જિલ્લામાં વાહકજન્ય રોગચાળાને નિયંત્રણમાં રાખવા તંત્રનું આ અભિયાન સફળ રહ્યુ હોવાનો દાવો તંત્ર દ્વારા કરવામાં આવ્યો છે. જો કે હાલનું હવામાન મચ્છરોની ઉત્પત્તિ માટે સૌથી સાનુકૂળ હોવાથી એન્ટી લારવેલની જે કામગીરી અભિયાનરૂપે થવા પામી છે.

ગાંધીનગર તાલુકામાં ૩૪,૭૩૬ ઘરો અને ૧,૫૬,૩૧૨ લોકોને આવરી લઈ ૬૩ હજારથી વધુ ઉત્પત્તિ સ્થાનોની તપાસ કરતાં ૧૬૧૮ સ્થાનોએથી મચ્છરોના પોરા મળ્યા હતા. દહેગામ તાલુકામાં ૨૬૧૬૩ ઘરોમાં ૪૬,૩૭૯ સ્થાનો પર તપાસ કરતાં ૬૨૧ સ્થાનો પર મચ્છરના પોરા મળી આવ્યા હતા.

કલોલ તાલુકામાં ૨૪,૧૦૬ ઘરો અને ૭૭,૨૮૫ સંભવિત ઉત્પત્તિ સ્થાનોની તપાસમાં ૧૫૧૮ સ્થાનો પરથી મચ્છરોના બ્રિડીંગ મળ્યા હતા. માણસા તાલુકામાં ૧૮,૮૬૦ ઘરોમાં ૨૯,૮૦૨ જેટલા સંભવિત ઉત્પત્તિ સ્થાનોની તપાસમાં ૮૮૧ સ્થાનો પરથી મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા હતા.



નદી કે તળાવનું સૌંદર્ય ગાંધીનગરવાસીઓને વર્ષ કે બે વર્ષ માંડ માણવા મળે છે. આખા ગુજરાતમાં ધોધમાર વરસાદ હોય પરંતુ પાટનગરમાં છેલ્લા કેટલાય વર્ષોથી એક સાથે અનરાધાર વરસાદ વરસ્યો નથી. વળી શહેર નજીકથી પસાર થતી સાબરમતી નદી મોટાભાગે કોરી ધાકોર જ જોવા મળે છે. બે-ચાર વર્ષે માંડ તેમાં થોડુ ઘણુ પાણી જોવા મળે છે. શહેરનું એકમાત્ર સેક્ટર-૧ નું તળાવ તો પાણી બાબતે કમનસીબ જ છે. શહેર આખાનુ વરસાદી પાણી આ તળાવમાં જમા થાય તેવુ આયોજન છે પરંતુ શહેરમાં જ વરસાદ ઓછો વરસે તો આવડુ મોટુ તળાવ ભરાય કઈ રીતે, આ વરસ વરસાદ બાબતે સારૂ રહ્યું. સૌરાષ્ટ્ર-કચ્છમાં તો સીઝનના કુલ વરસાદથી કંઈ કેટલાય ગણો વધુ વરસાદ વરસી ચૂક્યો છે. નદી-નાળાઓમાં ભારે પૂર આવ્યા છે. છુટો છવાયો પણ સતત વરસાદ શહેરમાં વરસતા સેક્ટર-૧ના તળાવમાં પણ પાણી એકત્ર થયુ છે. આખુ વર્ષ કોરૂ ધાકોર રહેલા તળાવમાં પાણી આવતા તેનુ સૌંદર્ય ખીલી ઉઠ્યું છે. અહીંનો નજારો માણવા જેવો છે.

# ચોમાસા દરમિયાન વનતંત્ર દ્વારા જિલ્લામાં ૨૪ લાખ રોપાઓની વાવણી કરાઈ

**વરસાદી દિવસો દરમિયાન કુલ ૪૧૬ હેક્ટરમાં વિવિધ રોપાઓની વાવણી કરવામાં આવી**

ગાંધીનગર તા ૧

ગાંધીનગર શહેર તેમજ જિલ્લાને વધુ હરિયાળો બનાવવા માટે વરસાદી દિવસો દરમિયાન અંદાજિત ૨૪ લાખથી વધુ રોપાઓની વાવણી કરવામાં આવી છે. જિલ્લાના ખેડુતોએ પણ તેમના ખેતરમાં ૨ લાખથી વધુ રોપાઓની વાવણી કરી છે. વનતંત્ર દ્વારા ઉનાળાના ગરમીના દિવસોમાં કોરોનાના કહેર વચ્ચે પણ નવા રોપાઓની વાવણી માટે ખાડા ખોદવામાં આવ્યા હતા. જેના અંતે વરસાદી દિવસોમાં નવા રોપાઓની વાવણી કરવામાં આવી હતી.

ગાંધીનગર શહેરને સૌથી હરિયાળુ બનાવવા માટે શહેર તેમજ અન્ય પર્યાવરણ પ્રેમીઓ દ્વારા છેલ્લા ત્રણ વર્ષથી વરસાદી દિવસો દરમિયાન સામુહિક વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવે છે. જેના લીધે વર્ષ દરમિયાન કોરોનાના કહેર વચ્ચે પણ ચોમાસા દરમિયાન મોટી સંખ્યામાં વૃક્ષારોપણ કરવામાં આવી રહ્યુ છે. શહેરી વિસ્તારમાં રોપાઓની વાવણી માટે જગ્યા ઓછી હોવાનુ પણ ધ્યાને આવી રહ્યુ છે. ત્યારે જિલ્લામાં પણ ખાલી જગ્યાને ધ્યાને લઈને નવા રોપાઓની વાવણી કરવામાં આવી રહી છે. શહેર તેમજ જિલ્લામાં વન મહોત્સવ અન્વયે વિવિધ સંસ્થાઓ દ્વારા તેમજ સરકારી કચેરીઓ મારફતે ૧૬ લાખ જેટલા વિવિધ જાતના રોપાઓની વાવણી કરવામાં આવી છે. આ વર્ષે શાળાઓ બંધ હોવાના લીધે શાળા કક્ષાએથી રોપાઓ લેવામાં આવતા ન હતા જયારે આ સ્થિતિ વચ્ચે વધુ રોપાઓની વાવણી થાય તે માટે વનતંત્ર દ્વારા જિલ્લાના ગામોમાં વૃક્ષયાત્રા કાઢીને ગ્રામજનોએ વિવિધ રોપાઓની વાવણી કરી હતી. આ ઉપરાંત જિલ્લામાં ખેડુતોએ પણ તેમના ખેતરમાં ૨ લાખથી વધુ રોપાઓની વાવણી કરી વિસ્તારને હરિયાળો બનાવવાનો પ્રયાસ કર્યો છે. જયારે આ વર્ષે ધરુ પ્રકારના અલબત્ત તુલસી સહીતના અન્ય ૨ લાખ જેટલા રોપાઓનુ વનતંત્રએ વિતરણ કર્યુ છે. જયારે ગાંધીનગર વનવિભાગ દ્વારા પણ ચાલુ ચોમાસા દરમિયાન ૪૧૬ હેકટર વિસ્તારમાં વિવિધ વિસ્તારમાં રોપાઓની વાવણી કરવામાં આવી છે. જે અન્વયે ગાંધીનગર શહેર તેમજ તાલુકાઓમાં મળીને કુલ ૧.૧૩ લાખ રોપા માણસામાં , ૬૪ હજાર દહેગામ, ૭૫ હજાર કલોલમાં ૪૯ હજાર વિવિધ જાતના રોપાઓની વાવણી કરવામાં આવી છે. આ માટે વનતંત્રએ ગરમીના દિવસો દરમિયાન કોરોનાના કહેર વચ્ચે ખાડાઓ ખોદી દીધા હતા. આમ ગાંધીનગર શહેર તેમજ જિલ્લામાં કોરોનાની મહામારી વચ્ચે કુલ ૨૪ લાખથી વધુ રોપાઓની વાવણી કરી હોવાનો વનતંત્રએ દાવો કર્યો છે. ત્યારે આ નવા રોપાઆની વાવણી પૈકી ૩૦ ટકા રોપાઓનો ઉછેર થાય તો પણ આગામી દિવસોમાં વૃક્ષોની સંખ્યા વધતા શહેર તેમજ જિલ્લામાં વધુ હરિયાળી નિખરશે.

## જોઈએ છે

ગુજરાત સરકારશ્રીના જૈવિક વિવિધતા બોર્ડ, અરણ્ય ભવન, ગાંધીનગર ખાતેની કચેરીમાં નીચે મુજબની પોસ્ટ માટે ૧૧ મહિનાના કરાર આધારિત કર્મચારીઓની ભરતી કરવાની છે. જે સંદર્ભે તા. ૧૦-૯-૨૦૨૦ સુધીમાં આપના બાયોડેટા નીચેના ઈમેલ આઈડી પર મોકલી આપવા.

Email : bb.chavda@yahoo.com Mo. 97129 75136

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યા | જરૂરી લાયકાત |
|---|---|---|---|
| ૧ | ટેકનીકલ આસિસ્ટન્ટ | ૧ | ● વિજ્ઞાન પ્રવાહમાં અનુસ્નાતકની ડીગ્રી<br>● વિવિધ વનસ્પતિઓ પ્રાણીઓ અને ખેતી વિષયક જાણકારી<br>● અંગ્રેજી અને ગુજરાતી ટાઈપીંગ સાથે કોમ્પ્યુટરની જાણકારી<br>● અંગ્રેજી અને ગુજરાતી ભાષા પર પૂર્ણ પ્રભુત્વ |

કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર (ફોરકલર) જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 20"X30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા. ૨૦૦૦/-
સીંગલ કલર જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 23"X36", 20"x30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા. ૫૦૦/-
ગાંધીનગરમાં ૨૪ કલાક ચાલુ રહેતો એકમાત્ર પ્રિન્ટીંગ પ્રેસ
અરજન્ટ પ્રિન્ટીંગ કરી આપવામાં આવશે.
પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com